અપીલ અરજી નં.૧૯૫ તા.૧૪–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી વસંતલાલ દલપતરામ રાણા
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈએકટ હેઠળ શ્રી વસંતલાલ દલપતરામ રાણાની તા.૪–૮–૧૦ ની અરજીથી (૧) નિશાળ છોડયા બાબતનું ઝેરોક્ષ કોપીનું સર્ટીફીકેટ પરથી ડુપ્લીકેટ નવું સર્ટીફીકેટ મેળવવા. વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૯૫/૨૦૧૦–૧૧

શ્રી વસંતલાલ દલપતરામ રાણાની તા.૪–૮–૧૦ ની **અરજીથી** (૧) નિશાળ છોડયા બાબતનું ઝેરોક્ષ કોપીનું સર્ટીફીકેટ પરથી ડુપ્લીકેટ નવું સર્ટીફીકેટ મેળવવા વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૩૦ તા.૨૧–૯–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૮–૧૦ ની અરજીથી (૧) નિશાળ છોડયા બાબતનું ઝેરોક્ષ કોપીનું સર્ટીફીકેટ પરથી ડુપ્લીકેટ નવું સર્ટીફીકેટ મેળવવા.મુદ્દા નં.(૨) તા.૨૫–૬–૧૦ ના રોજ ન.પ્રા.શિ. સ. ને એક અરજી કરેલી તેની સાથે પણ સર્ટીફીકેટની તથા પ્રગતિપત્રક–૧૯૫૭–૫૮ ઝેરોક્ષ કોપીઓ બીડેલ. તેમાં તેઓએ ડુપ્લીકેટ નવું સર્ટીફીકેટની માંગકરેલ. જેની આજ દિન સુધી તેબાબતે જાણ કરેલ નથી કે કોઈ પત્ર લખેલ નથી કયા કારણસર? નવું ડુપ્લીકેટ મેળવવા જેની કોઈ કાર્યવાહી તમારા તરફથી કેમ કરવામાં ન આવી તેની સંપૂર્ણ માહિતી મેળવવા. મુદ્દા ન.૩ અમો સીનીયર સીટીઝન હોવા છતાં તમોએ જે જે સ્કુલો શાળા નં. ૧૨૮ , ૧૨૯,૧૩૧ તથા છેલ્લે શાળા નં.૧૩૩ ખાંડવાળા શેરીના નાકે પણ જઈ આવ્યા ત્યાં તપાસ કરતાં અમોને કહેવામાં આવ્યુ કે તમારી પાસે તે વખતનું સાલનો રેકર્ડ છે કે નહીં જેથી તમારી પાસે ઝેરોક્ષ કોપી પણ હોય તો સર્ટીફિકેટની પ્રગતિકાળની તો તેના પરથી નવું સર્ટીફીકેટ પણ નવું બનાવી આપીશું જો અમોએ શોધખોળ કરતાં મળી આવેલ તમામ સર્ટી તથા પ્રગતિકાર્ડ, ઝેરોક્ષ નકલ પરથી અપીલ કરેલ છે. તો તેના પર ડુપ્લીકેટ નવું સર્ટીફીકેટ મેળવવા આરટીઆઈ હેઠળ અરજી કરેલ છે. જેમાં શંકર પટેલે ફોન નંબર મંજુબેન તથા નસીમબેનને ઝેરોક્ષ કોપી સર્ટીફીકેટ ઉપરથી ડુપ્લીકેટ નવું સર્ટીફીકેટ બનાવી આપશો તેવું જણાવેલ. આમ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૩૭ તા.૬–૮–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ. ને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૪–૯–૧૦ ના રોજ નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ ન મળ્યો હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને અપીલ અરજી કરેલ છે. જેમાં તા.૨૫–૬–૧૦ નો નિશાળ છોડયાનું સર્ટી (એલ.સી) તા.૩–૫–૧૯૫૮ તેમજ પ્રગતિકાર્ડ ૧૯૫૭–૫૮ ની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે તેવી રજૂઆત અપીલમાં જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી કે પ્રત્યુત્તર આપેલ જણાતો નથી તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારની તા.૨૫–૬–૧૦ ની અરજી અંગે થયેલ કાર્યવાહીની માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. જયારે અરજદારની ડુપ્લીકેટ સર્ટીફીકેટ કાઢી આપવાની રજૂઆત કાર્યવાહીને લગતી હોય તે અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવાની રહે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૬–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી તા.૨૫–૬–૧૦ ના રોજ કરેલી અરજી અંગેની થયેલી કાર્યવાહીની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) ને જણાવવામાં આવે છે. વધુમાં ડુપ્લીકેટ સર્ટીફીકેટ કાઢી આપવા કાર્યવાહી કરવા અંગે કાર્યવાહીને લગતી બાબત હોય સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી વસંતલાલ દલપતરામ રાણા,